R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-23 • ISSUE: 47 DATE: 22-11-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;

કાર્યાલય :૨/૧૦ સોનિયો એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## પાકિસ્તાનમાં એક હજારથી વધુ ખ્રિસ્તી અને હિંદુ મહીલાઓને ધર્મપરિવર્તન કરવાની ફરજ પડાઇ

પાકિસ્તાનમાં એક હજારથી વધુ ખ્રિસ્તી અને હિંદુ મહિલાઓને ઈસ્લામ ધર્મમાં પરિવર્તન કરવાની ફરજ પડાઈ હતી.તેમજ ધર્મ પરિવર્તન કર્યા બાદ મુસ્લીમો સાથે લગ્ન કરવાની પણ ફરજ પડાઈ હતી.આ રીપોર્ટ મુવમેન્ટ ફોર સોલીડારીટી એન્ડ પીસ (એમએસપી)દ્વારા જારી કરવામાં આવ્યો હતો.રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે જબરજસ્તીથી ધર્મપરિવર્તન અને લગ્ન કરવા માટે ૭૦૦ ખ્રિસ્તી મહિલાઓ અને ૩૦૦ હિંદુ મહિલાઓની મદદે કોઈ કાયદો આવવા તૈયાર નહોતો.૧૨ થી ૨૫ વર્ષની છોકરીઓના અપહરણ કરવામાં આવે છે.ત્યારબાદ તેમનુ ઈસ્લામમાં ધર્મપરિવર્તન કરવામાં આવે છે.અને અપહરણકર્તાઓ સિવાય અન્યો સાથે તેણીઓના નિકાહ કરાવી દેવાય છે. જ્યારે તેમના કુટુંબીજનો આ બાબતે પોલીસમાં ફરિયાદ કરે છે.ત્યારે અપહરણ કે બળાત્કારનો ગુનો દાખલ થાય છે.પછીથી અપહરણ કરનારાઓ તે છોકરીઓ વતીથી કોર્ટમાં હાજર થાય છે.અને થયેલ એફઆઈઆર વિરુધ્ધ ફરિયાદ દાખલ કરે છે કે ખ્રિસ્તી કે હિંદુ કુટુંબે તેમને ઈરાદાપુર્વક હેરાન કરવા માટે ફરિયાદ દાખલ કરાવેલ છે.જે છોકરીએ પોતે ધર્મપરિવર્તન કરેલ છે અને નિકાહ કરેલ છે.તેથી તેમની સામેનો કેસ નિરર્થક છે.

ન્યાયાધીસ સમક્ષ આવી રજુઆતને કારણે,જે છોકરીનું અપહરણ કરાયેલ છે તેણીને પુછવામાં આવે છે કે તેણીનું જબરજસ્તીથી ધર્મપરીવર્તન અને લગ્ન કરાવેલ છે કે કેમ.અથવા તો તેની પોતાની સંમતિથી આ થયેલ છે.મોટાભાગના કેસોમાં છોકરી અપહરણકર્તાઓની કસ્ટડીમાં રહે છે અને જ્યાં સુધી ન્યાયિક પ્રક્રિયા પુરી ના થાય ત્યાં સુધી તેમની પાસે તેની કસ્ટડી રહે છે.જો અપહ્રત છોકરી એવું બયાન આપે કે તે પોતાની સંમતિથી આ નિકાહ કે ધર્મપરિવર્તન કરેલ છે તો ફરિયાદ પક્ષ સાથે સમાધાન કરી દેવાય છે.જો કે અપહ્રત છોકરી અપહરણકારોની કસ્ટડીમાં હોય તો તેની બળાત્કાર થાય છે કે તેનો વેશ્યા તરીકે ઉપયોગ થાય છે. કે પછી તેણીને વેચી દેવાય છે.એમપીએસનો રીપોર્ટમાં જણાવાયું છે કે જે છોકરીઓ તાબે થતી નથી તેનો અપહરણકારો તેનો દુરપયોગ કરે છે.આ પ્રકારની હિંસા સતત ચાલતી રહી છે.પાકિસ્તાનમાં ધર્મના નામે અધર્મનું આચરણ ખુબજ વધી ગયું છે.કટ્ટર ધર્માંધતાનુ જોર ચારે કોર વધી ગયું છે. તે સતત દેખાઈ રહ્યું છે.

## દેશના ચલણ પર મંદિર કે મસ્જીદની તસવીર લગાવવી યોગ્ય નથી : સુપ્રીમ કોર્ટ

દિલ્હી હાઈકોર્ટ દ્વારા પાંચ રુપીયાના સિક્કા પર માતા વૈષ્ણોદેવીની તસવીર છાપવાના મુદ્દે રિઝર્વ બેંકને આડે હાથ લીધી હતી.કોર્ટે રિઝવ બેંકને સવાલ કર્યો હતો કે ક્યા નિયમો અંતગર્ત બેંકે સિક્કા પર હિંદુ દેવીની તસવીર છાપી છે.સિક્કા પર વૈષ્ણોદેવીની તસવીર છાપવાના વિરોધમાં નફીસ કાઝી નામના સખ્શે કેન્દ્રીય નાણાંમંત્રાલય અને રિઝવ બેંક વિરુધ્ધ જાહેરહિતની અરજી દાખલ કરી હતી.અરજ કર્તાએ જણાવ્યું હતું કે ભારત દેશ સર્વ ધર્મ સમભાવમાં વિશ્વાસ રાખે છે.દેશના ચલણ પર મંદિર અથવા મસ્જીદની તસવીર લગાવવી યોગ્ય નથી.નવેમ્બર ૨૦૧૩માં રિઝર્વ બેંકે વૈષ્ણોદેવીની તસવીરવાળા સિક્કા જારી કર્યા હતા.આ અંગે તત્કાલીન યુપીએ સરકારે કોર્ટને જણાવ્યું હતું કે વૈષ્ણોદેવી શ્રાઈનબોર્ડની સિલ્વર જ્યુબીલીના અવસરે સ્મૃતિ તરીકે ક્વોઈન એકટ અંતગર્ત સિક્કા જારી કરાયા હતા.તે સમયે અદાલતે જણાવ્યું હતું કે રાજ્ય કેવી રીતે ધાર્મિક પ્રતીકનો ઉપયોગ કરી શકે. સરકારે ધર્મથી તદન અળગા રહેવું જોઈએ. આ મામલાની આગામી સુનવાઇ ૩ ડિસેમ્બરે રાખવામાં આવી છે.

## પાસપોર્ટ માટે આધારકાર્ડ અનિવાર્ય પોલીસ તપાસની જરુર નહી રહે

સહુ પ્રથમ વાર પાસપોર્ટ મેળવવાની અરજી કરનારે પુર્વ પોલીસ ચકાસણીનો સામનો કરવો નહિ પડે.વિદેશ મંત્રાલયે દરખાસ્ત રજુ કરી છે કે આધારકાર્ડને અરજદારની ઓળખ માટે ફરજીયાત કરવામાંઆવે અને નેશનલ ક્રાઈમ રેકડર્સ બ્યુરોના ડેટાબેઝ અરજદારની ગુનાહિત પ્રવૃતિ અંગે જે માહિતી આપે તે માન્ય કરવી.અરજદારે સ્વંય પ્રામાણિકપણે જાહેરાત કરવાની રહેશે તેની નાગરિકતા,ગુના સબંધી ઘટના હોય તો ,કોર્ટ કચેરીના કેસ સમંન્સ વોરંટ વિગેરે અંગે માહિતી અરજદાર આપે ત્યારબાદની ચકાસણી પછી તાજા પાસપોર્ટ ઈશ્યુ કરાશે.પોલીસ ચકાસણીની સમગ્ર પ્રક્રિયાને સરળ બનાવવાની વારંવાર અગ્રિમ પોલીસ ચકાસણી તપાસ અને તેના પરિણામો પાસપોર્ટ આપવામાં થતાં વિલંબ અંગેના પ્રશ્નો નહીં ઉદ્ભવે.

આ નવી પ્રથા પર વિદેશ, ગૃહ,કાયદા મંત્રાલય અને ઈન્ટેલિજન્સ બ્યુરો વચ્ચે મંત્રણા યોજાઈ હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આધારકાર્ડને પાસપોર્ટ માટે ફરજીયાત બનાવવા પર ભાર મુક્યો જ છ. ચાલુ માસના અંત સુધીમાં પ્રક્રિયા પુરી થઈ જશે. આ સરકારી દરખાસ્ત એવા વખતે આવી છે કે જ્યારે સુપ્રીમ કોર્ટે રુલીંગ આપ્યું છે કે જાહેર સેવા અને સબસીડી માટે આધાર કાર્ડ ફરજીયાત ન બનાવાય.પાસપોર્ટ માટેના અરજદારની ગુનાહિત ભુમિકા અંગે એનસીઆરબીએ ખાતરી આપી છે કે તે બેજ માસમાં તદન નવી જ સિસ્ટમ ઉભી કરશે.વિદેશ મંત્રાલયે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે આધારકાર્ડ અરજદારની સ્વયં જાહેરાતો અને એનસીઆરબીની ચકાસણી તાજા પાસપોર્ટ માટે પુરતી છે.હાલ પ્રથા એવી છે કે પોલીસની પુર્વ તપાસના અહેવાલ માટે અઠવાડીયામાં પાસપોર્ટ અપાય છે.તત્કાળ કેટેગરી,રિ-ઈશ્યુના કિસ્સા અને સગીર અરજદારના કિસ્સામાં પોલીસ તપાસ પાછળથી થાય છે.

## એપ્રિલ,૨૦૧૫થી ગેસ સિલિન્ડર બજાર ભાવે મળશે

એપ્રિલ,૨૦૧૫થી બજારભાવમાં ગેસ સિલિન્ડર મળશે અને ૧ જાન્યુઆરી,૨૦૧૫થી દેશભરમાં એલપીજી સિલિન્ડરોની સબસીડી સીધી જ બેકના ખાતામાં ટ્રાન્સફર કરવાની યોજનાનો અમલ કરવામાં આવશે.પેટ્રોલીયમ મંત્રાલયના સુત્રોના જણાવ્યા મુજબ સરકાર દ્વારા અમલી થઈ રહેલ એલપીજી ગેસની સબસીડીની યોજના દુનિયામાં સૌથી મોટી ઓનલાઈન બેનીફીટ ટ્રાન્સફર સ્કીમ હશે. જેમાં રોજના ૩૦ થી ૪૦ લાખ સિલિન્ડરના વેચાણ પર સબસીડી ટ્રાન્સફર થશે અને એક વર્ષના સમય ગાળામાં ૧૦૦ કરોડ સિલિન્ડરોની સબસીડી ટ્રાન્સફર થશે.

આ યોજના હેઠળ માર્ચ ૨૦૧૫ સુધીનો ત્રણ મહિનાનો ગ્રેસ પિરિયડ આપવામાં આવશે અને તેનો મતલબ એ થશે કે માર્ચ મહિના સુધી લોકોને સબસીડીવાળા રેટથી સિલિન્ડર મળતા રહેશે.જો માર્ચ સુધી ગ્રાહકો પોતાનું બેંક ખાતુ અને આધાર નંબર નહીં આપે તો એપ્રિલ ૨૦૧૫ થી તેમને બજારભાવે એલપીજી સિલિન્ડર લેવાનું રહેશે.જુન ૨૦૧૫ સુધી જો ગ્રાહક પોતાનું બેક ખાતુ આપે તો એપ્રિલ અને જુનની સબસીડી બાદમાં તેમના ખાતામાં ટ્રાન્સફર થઈ જશે અને જો જુન ૨૦૧૫ સુધી ગ્રાહક બેકનું ખાતું ના આપે તો તેમને એપ્રીલ અને જુન વચ્ચેની સબસીડી નહી મળે.

## ઇસ્લામીક સંગઠન દ્વારા એક અમેરિકન સહિત ૧૯નો શિરચ્છેદ

ઈસ્લામિક સ્ટેટના ત્રાસવાદીઓએ સિરીયામાં અપહરણ કરાયેલા એક અમેરિકન પીટર કેસિંગનું માથુ ધડથી અલગ કરી દીધું છે.અને અમેરિકાને વધુ ચેતવણી આપી છે.આઈએસના વડાએ પ્રસિધ્ધ કરેલા એક વીડીયોમાં જ સીરીયાની સેનાના ૧૮ જેટલા લોકોના માથા પણ ધડથી અલગ કરી દીધા હોવાનું બતાવાયું હતું.

અગાઉ અમેરિકાના ૨ પત્રકારો અને બે બ્રિટિશ નાગરિકોના માથા ધડથી અલગ કરી દેતા વીડીયો જારી કરાયા હતા.જેની કત્લ કરવામાં આવી તે પીટર એડવર્ડ કેસીંગ અમેરિકન ભુતપુર્વ સૈનિક છે.જેણે સિરીયાના ગૃહયુધ્ધમાં સ્ફોટક સ્થિતિ વચ્ચે મેડિકલ સેવાઓ આપવા માટે પોતાનો જીવ જોખમમાં મુક્યો હતો.

## ગુજરાતમાં મંત્રીમંડળનું મુખ્યમંત્રીએ વિસ્તરણ કર્યુ

ગુજરાતના મુખ્યમંત્રીશ્રીમતી આનંદીબેન પટેલ તેમના મંત્રીમંડળનું કદ વર્ધાર્યું હતું. મંત્રીમંડળનું કદ વધીને ૨૪નું કરવામાં આવ્યું હતું.નવા નિમાયેલ બે કેબિનેટ અને ૨ રાજ્યકક્ષાના મંત્રીઓએ રાજભવન ખાતે શપથ લીધા હતા.જો કે મુખ્યમંત્રીએ મંત્રીમંડળનું કદ વધારીને અમુક અસતુષ્ટોને મનાવી લેવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ પરસોત્તમ સોલંકીના ટેકેદારોમાં તેમને અપાયેલ પશુપાલન ખાતા અંગે નારાજગી પ્રવર્તે છે. સોલંકીને મહત્વનું ખાતું આપવું જોઈએ એવી તેમની માંગણી છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

# નવ ક્રાંતિ

૨૦૦૨ના ગોધરાકાંડ બાદ થયેલ કોમી રમખાણોમાં સરકાર,સરકારી અધિકારીઓની સંડોવણી વિગેરે માટે સરકારે તાત્કાલિક નાણાવટી તપાસ પંચની રચના કરી હતી. જે રમખાણો કરનાર અને કરાવનાર લોકોની પૃષ્ઠી કરે.જો કે ખરેખર દેખાતો આ હેતુ અંદરથી કળાયેલો જ હતો.જેમની ભારોભાર સંડોવણીની શંકાઓ હતી તેમને ક્લીનચીટ આપવાનો હેતુ હતો,એવું લોકમુખે ચર્ચાતું હતું.વર્ષોના વહાણા વહી ગયાં અનેક વખતે આ પંચની મુદતો વધતી જ ગઈ અને આખરે તેનો કાર્યકાળ પુરો થયો અને તેનો રીપોર્ટ સરકારને સુપ્રત કરી દેવાયો.હવે સરકારને તે જોવાનું રહે છે કે આ પંચનો રીપોર્ટ માન્ય રાખવો કે નહીં.સરકારની ઈચ્છા હશે તો તેને વિધાનસભામાં મુકવામાં આવશે.અને જો તેને જાહેર કરવાનો જ નહી હોય તો તેને કોરાણે મુકી દેવાશે.

આજ સુધી નિમાયેલા મોટા ભાગના તપાસ પંચો કે કમિશનો માત્ર સરકારોએ પોતાના માથે આવેલ જવાબદારીઓમાંથી યેન કેન પ્રકારે છુટી જવા માટે જ આવા પંચો કે કમિશનો નિમે છે.જેથી લોકોનો ગુસ્સો ફાટી ના નિકળે.પંચો અને કમિશનોની મુદતો એટલી બધી લાંબી હોય છે કે લોકોનો સરકાર પ્રત્યેનો આક્રોશ કે ગુસ્સો ઓછો થઈ જાય છે.આમ સુળીનો ઘા સોઈથી ટાળવા માટે સરકારો પંચો કે કમિશનોનો ઉપયોગ કરે છે.ખેર,૨૦૦૨માં જેનોસાઈડ ગણાયેલ રમખાણોમાં અન્ય કોઈ તપાસ કરવા દેવાઈ નહી અને તમામ આ કાર્યમાં સંડોવાયેલાઓ હેમખેમ બહાર નીકળી ગયા.

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે

શ્રી ભાઈલાલભાઈ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ,નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી,નડીયાદ.૨

## આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

## અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન, જીવન સાહિત્ય ભંડાર,
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ),
અમદાવાદ.૮
ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,
અમદાવાદ.૨૨
શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા
રાયખડ,અમદાવાદ.૧

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૩૪)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧૯૮ | બી.એ.ડીપ્લો.મીકેનીક,એમઆઈટી.ઈન્ફો.ટેકનો.(ઓસ્ટ્રે.) | ૭-૭-૭૭ | ૬૦૦૦ ડોલર | સા.આર્મી. | કુંવારા |
| ૧૬૩ | બીકોમ.બીબીએમ કોમ્પ્યુ.ટેલી.એમબીએ (ફ્રાંસ) | ૧૦-૧૦-૮૪ | - | આર.સી. | કુંવારા |
| ૧૬૫ | પીટીસી.કોમ્પ્યુ.એન્ડ વેલ્ફેર(ઓસ્ટ્રે) | ૮-૧૨-૮૩ | ૧લાખ | આર.સી. | કુંવારા |
| ૨૦૫ | હોટેલ મેનેજમેન્ટ.માસ્ટર.ટુરીઝમ એન્ડ હોસ્પી.(ઓસ્ટ્રે) | ૨૯-૮-૮૧ | ૩૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૨૦૭ | ઈન્ફો.ટેકનો.બી.ઈ.(લંડન) | ૨૬-૩-૮૨ | ૧૦૦૦પાઉન્ડ | આર.સી. | કુંવારા |
| ૨૧૧ | બેચલર એન્જી.ઈન.ઈન્ફો.ટેકનો.(આઈટી)દુબઈ | ૧૧-૧-૮૬ | ૬૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૨૨૧ | એમએસસી.બીઈ મીકે.(લંડન ) | ૨૧-૭-૭૬ | ૫૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૩૪ | બેચલર હોટલ એન્ડટુરી. મેનેજમેન્ટ,એમબીએ.(યુએસ) | ૩૦-૬-૮૯ | ૧લાખ | આર.સી. | કુંવારા |
| ૨૫૯ | બેચલર ઓફ કોમ્પ્યુ.એપ્લી.બીસીએ (જર્મની.) | ૭-૧૦-૮૭ | - | મેથો. | કુંવારા |
| ૨૬૩ | બીએસસી.(અમેરીકા) | ૨૭-૪-૮૭ | ૪૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૩૦૦ | બી.એ.( લંડન ) | ૭-૯-૮૫ | ૧.૨૫લાખ | આર.સી. | કુંવારા |
| ૩૦૧ | ગ્રેજ્યુએટ,પીજીડી,બીઝ.મેને. (યુ.કે.) | ૨૧-૮-૭૯ | ૨૫૦૦પાઉન્ડ | મેથો. | કુંવારા |
| ૩૧૦ | ૨વર્ષ આર્ટ્સ કોલેજ,મેડી.હોસ્પી.સર્વીસ(ઈઝરાયેલ ) | ૧૮-૧૦-૭૭ | ૬૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૨ | બીબીએ(૨વર્ષ)ટીબીએમ ઈન્ટ.બીઝ.મેને.(કેનેડા) | ૩૦-૯-૮૭ | ૧૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૪ | એમએસડબલ્યુ.એમબીએ.એચઆર(લંડન) | ૧-૪-૮૫ | - | સીએનઆઈ | કુંવારા |
| ૩૧૬ | ડીપ્લો.ઈલે.એન્જી.બીબીએ(લંડન) | ૧૧-૬-૮૬ | ૧ લાખ | આર.સી. | કુંવારા |
| ૩૨૩ | બીએસસી.પીજીડીસીએ.આઈબીએમ(અમેરીકા) | ૨૬-૧૦-૭૫ | ૩ લાખ | મેથો. | કુંવારા |
| ૩૨૭ | એમએસ કોમ્પ્યુ.એન્જી.(અમેરીકા) | ૨૨-૧૦-૮૪ | ૩ લાખ | આર.સી. | કુંવારા |
| ૩૨૮ | ડીપ્લો.ઈન ઈલે.એન્જી.બીબીએ અમેરીકા. | ૭-૮-૭૯ | ૩૦૦૦૦ | આઈ.પી. | કુંવારા |
| ૩૩૩ | એમએસસી.(એગ્રી)હોર્ટી.(ઓસ્ટ્રેલીયા) | ૫-૭-૮૧ | ૬૦૦૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૩૧૫ | ૧૨પાસ.આઈટીઆઈ(ટર્નર)(આફ્રિકા) | ૩-૭-૮૩ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૩૮ | એમએ.(સીંગાપુર થી ઓસ્ટ્રેલીયા) | ૧૬-૧-૮૦ | ૭૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૪૫ | એસએસ એન્જી.બીઈ સમકક્ષ,ઈસી.(અમેરીકા) | ૨૬-૬-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૩૪૭ | એમએસ ઈન સોફ્ટવેર એન્જી.બીએસઈન્ફો.(અમેરીકા) | ૧૩-૩-૮૭ | - | સા.આર્મી. | કુંવારા |
| ૩૫૧ | બીઈ ઈલેક્ટ્રીકલ એન્જી. એનર્જી સીસ્ટ ટેક.(કેનેડા) | ૧૪-૧૨-૮૮ | ૪૦૦૦ડોલર | સા.આર્મી. | કુંવારા |
| ૧૪૨ | એમબીબીએસ.એમડી. | ૧૨-૧-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૨૧૬ | એમબીબીએસ. | ૧૪-૮-૮૬ | ૨૮૦૦૦૦ | સા.આર્મી. | છુટાછેડા |
| ૧૮૯ | ડીપ્લો.મીકેએન્જી.એએસક્યુ.સર્ટી.ઓડી.(અમેરીકા) | ૨૭-૪-૭૩ | - | અલાયન્સ | છુટાછેડા |
| ૧૯૮ | પોસ્ટ ગ્રેજ્યુ.પીએફપીસી(કેનેડા) | ૨૧-૮-૮૦ | ૪૦૦૦ડોલર | આર.સી. | છુટાછેડા |
| ૨૦૨ | એમબીબીએસ.એમડી. | ૨૯-૭-૭૭ | ૧૨૫૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૨૬ | બીકોમ.એમબીએ.ડીપ્લો.બીઝ.મેને. (ઓસ્ટ્રેલીયા) | ૨૩-૫-૮૧ | - | સીએનઆઈ | છુટાછેડા |
| ૨૪૦ | બીએસસી.(અમેરીકા) | ૨૩-૭-૭૧ | - | સા.આર્મી. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૩૪) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧૮ | એન્જીનીયર(માસ્ટર ડીગ્રી) કેનેડા | ૫-૧૨-૬૮ | ૫૦૦૦૦ | સીએનઆઈ. | કુંવારા |
| ૨૨૧ | ફીઝીયોથેરાપીસ્ટ(અમેરીકા) | ૧૮-૮-૮૧ | ૪ લાખ | આર.સી. | કુંવારા |
| ૨૩૩ | એમકોમ. એમબીએ(લંડન) | ૧૭-૧૦-૯૪ | - | મેથો. | કુંવારા |
| ૨૪૫ | એમબીએ.એકાઉન્ટ.એમબીએ ફાયનાન્સ(અમેરીકા) | ૨૫-૨-૮૭ | ૫૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૨૬૨ | એમએસડબ્લુ.એલએલબી.(લંડન રીર્ટન) | ૨૫-૯-૮૫ | - | આર.સી. | કુંવારા |
| ૨૮૬ | બીકો.(અમેરીકા) | ૨૩-૧૧-૭૨ | - | આર.સી. | કુંવારા |
| ૨૮૯ | એમે(ઈંગ્લીંસ)એમએ,માસ કોમ્યુ.(લંડન) | ૧૫-૧૧-૮૪ | ૧ લાખ | સીએનઆઈ | કુંવારા |
| ૨૯૯ | બીકોમ.સોફ્ટ.પ્રોગ્રા.ગર્વ.કોલ સેન્ટર(લંડન પરત) | ૨૮-૧૦-૮૩ | - | સીએનઆઈ | કુંવારા |
| ૩૦૨ | બીપીટી.ન્યુયોર્ક,પીએચડી ચાલુ.(ન્યુયોર્ક) | ૫-૭-૮૪ | ૩ લાખ | આર.સી. | કુંવારા |
| ૩૦૩ | એમએ..એમબીએ. (લંડન) | ૧૮-૯-૮૩ | ૭૦૦પાઉન્ડ | આર.સી. | કુંવારા |
| ૩૦૬ | એમએ,બીએડ.ડીસીએ,આઈટીઆઈ ઈલેક્ટ્રો.(યુકે) | ૩૦-૧-૭૫ | ૨૫૦૦ પા. | આર.સી. | કુંવારા |
| ૩૧૩ | બીઈ.(ભારત)એમબીએ ફાઈનાન્સ(અમેરીકા) | ૨-૬-૮૬ | - | આર.સી. | કુંવારા |
| ૨૨૬ | એમબીબીએસ.એમડી(માઈક્રો) | ૨૯-૧૦-૮૦ | ૬૦૦૦૦ | આર.સી. | કુવારા |
| ૨૪૧ | એમબીબીએસ.એમડી. | ૧૪-૧૨-૮૪ | ૩૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૫૨ | એમબીબીએસ.એમડી. | ૨૮-૯-૮૪ | ૮૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૦ | બીએ.હોસ્પી.મેનેજ.તથા અન્ય.(અમેરીકા) | ૨-૨-૭૯ | ૨૦૦૦ડોલર | સીએનઆઈ | કુંવારા |
| ૧૪૨ | બીએસસી(નર્સીંગ) | ૧-૯-૭૩ | - | મેથો. | છુટાછેડા |
| ૧૦૪ | બીએ. નર્સીંગ(અમેરીકા) | ૨૦-૪-૭૬ | - | સા.આર્મી. | છુટાછેડા |
| ૨૯૭ | એમબીએ (ઓસ્ટ્રેલીયા) | ૨૦-૮-૮૯ | - | સા.આર્મી. | કુંવારા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઈલાલભાઈ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ,**

**નડીયાદનો સંપર્ક કરવો.** તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

**E.mail :salem-bhailalbhai@yahoo.com**

(૧) રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦, રૂ ૧૦૦ તથા વિના મુલ્યે યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

# ઓન લાઇન ખરીદી કરનારને ગ્રાહક સુરક્ષાના લાભ મળશે

ગ્રાહક બાબતોના વિભાગે કેન્દ્રીય પ્રધાનમંડળમાં એક દરખાસ્ત રજુ કરી છે કે તે મુજબ ઇ-કોમર્સ એટલે ઓનલાઇન થતો લે વેચનો વેપાર ઉપભોક્તા સંરક્ષણ ધારા હેઠળનો બનાવાશે.તમામ પ્રકારના ઇલેક્ટ્રોનિક્સ મોડમથી,ઇ-ટેઇલર્સ સહિતના એટલે કે ફિલમ કાર્ટ,એમેઝોન,મેઇક માય ટ્રીપ,બુક માય શો અને સીધી વેચાણની તમામ પધ્ધતિઓને ગ્રાહક સુરક્ષા ધારો લાગુ પડશે તે ઉપરાંત ટેલીશોપર્સ અને ઇ-ટેઇલર્સ નુકશાન પામેલ માલસામાન પાછો લેવામાં નિષ્ફળ જાય અને ગ્રાહકે ચુકવેલી રકમ એક મહિનામાં પાછી આપવાની બાબતમાં નિષ્ફળ જેશે તો તેમની સામે કાર્યવાહી થશે. સુચિત સુધારાઓમાં ઓનલાઇન લે વેચમાં માલસામાન અને સર્વીસીસ ક્ષેત્રે ઝડપી વૃધ્ધિ સામેલ કરવામાં આવેલ છે. અનેક ગ્રાહકો ફક્ત વિજ્ઞાપન જોઇને ઓનલાઇન અથવા ટેલીમાર્કેટીંગ કંપનીઓ મારફતે ખરીદી કરે છે.પરિણામે વેચનાર - ખરીદનાર વચ્ચે સીધો વ્યવહાર થતો નથી.દોષિત જણાયેલ નિર્માતા, ઉત્પાદકો,વિજ્ઞાપનકારો વગેરેને ગેરમાર્ગે દોરનાર માની સમન્સ આપી શકાશે.વહીવટી દંડની સજા પણ કરાશે.

# ઇન્ડીયાને બદલે ભારત નામ રાખવાની અપીલને સુપ્રીમ કોર્ટે ફુકરાવી

સુપ્રીમ કોર્ટમાં એક અપીલ દાખલ કરવામાં આવી હતી કે ઇન્ડીયાનું નામ બદલીને તેના બદલે ભારત કરવામાં આવે.ઇન્ડીયા અંગ્રેજીમાં છે ત્યાં ભારત રાખવામાં આવે. પરંતુ સુપ્રીમે આ અપીલ ફગાવતાં જણાવ્યુ હતું કે યોગ્ય સંસ્થામાં અપીલ કરવામાં આવે.સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ એચ.એલ.દત્તુની ખંડપીઠે દેશનું નામ અંગ્રેજીમાં ઇન્ડીયાની જગાએ ભારત રાખવાની માંગણી કરતાં અપીલકર્તાને તેમની માંગણી સબંધિત સંસ્થામાં રજુ કરવા જણાવ્યું હતું.સબંધિત સંસ્થા તરફથી પ્રતિક્રિયા આવ્યા બાદ કોર્ટમાં આવવાની સલાહ આપવામાં આવી હતી.ખેર, હજુ ઇન્ડીયા કરવાની વાત આવી છે.પરંતુ હવે હિંદુસ્તાન કરવાની વાત આવવાની છે.અને કદાચ તે ઉપર સબંધિત સંસ્થામાં વિચારણા થઇ શકે છે.કારણકે સબંધિત સંસ્થાઓને આ બાબતે કોઇ વાંધો નથી.

# ૩૭૦ આર્ટીકલ એ બંધારણના મુળ માળખાનો એક ભાગ છે. જેઠમણાલી

અગ્રણી વકીલ રામ જેઠમણાલીએ ૩૭૦ આર્ટીકલ વિશે સ્પષ્ટતા કરતાં કહ્યું હતુ કે આ બંધારણના મુળ માળખાનો એક ભાગ છે અને તેને કોઇ અડી શકે નહીં.કેમકે તેને ત્યારના જમ્મુ અને કાશ્મીરના કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલીની ઇચ્છા અનુરુપ બનાવ્યું હતું હવે આ એક અંતિમ આર્ટીકલ છે જેને કોઇ અડી શકે નહી.રામ જેઠમણાલી ભાજપમાં રહી ચુક્યા છે. અને તેઓ ભાજપની ઇચ્છા આ બાબતે શુ છે તે જાણે છે પરંતુ તેમણે ભાજપાને આ બાબતે સચ્ચાઇ જાહેર કરી છે જેથી ભાજપ હવે લોકોને આ બાબતે ખોટા રસ્તે દોરવવાનો પ્રયત્ન ના કરે.

# વકીલાતનો વ્યવસાય શરુ કરવા માટેની કોઇ વયમર્યાદા રહેશે નહી

સુપ્રીમ કોર્ટે તેના એક મહત્વપુર્ણ ચુકાદામાં જણાવ્યું હતું કે વકીલાતનો વ્યવસાય શરુ કરવા માટે ઉંમરની કોઇ વયમર્યાદા રાખી શકાય નહી તેવું જણાવ્યું હતું.જેના કારણે પ્રૌઢ વયમાં અથવા તો નિવૃતિ બાદ કોઇ વ્યક્તિ આ વ્યવસાયમાં પ્રવેશવા ઇચ્છતું હોય તો તેના માટેનો માર્ગ હવે મોકળો થઇ ગયો છે.રાજ્યોની બાર કાઉન્સીલે વકીલાતના વ્યવસાયમાં પ્રવેશવા માટે ૪૫ વર્ષની વયમર્યાદા નક્કી કરી હતી.તેને પડકારતી રીટના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો.કેટલાક લો ગ્રેજ્યેઅટ લોકો નોકરી સ્વીકારી લેછે. અને નિવૃત્તિ બાદ પ્રેકટિસ કરે છે. તેમને રોકવા માટે બાર કાઉન્સીલે બનાવેલા કાયદાની બંધારણીય વૈધાનીકતા અંગે સુપ્રીમ કોર્ટે ચકાસણી કરી રહી હતી.

# સ્થાનિક ચુંટણીઓમાં શૌચાલય ઉમેદવાર માટે ફરજીયાત બન્યુ

વિધાનસભામાં બે દિવસના ચોમાસુ સત્ર દરમિયાન શહેરી વિકાસ મંત્રી તરીકેનો હવાલો સંભાળતા નીતિનભાઇ પટેલે ગુજરાત સત્તામંડળ કાયદા સુધારા વિધેયક-૨૦૧૪ રજુ કર્યુ હતું.તેમણે કહ્યું હતું કે ખુલ્લામાં મળત્યાગ કરવાની બાબતને અંકુશમાં લાવવી અતિ આવશ્યક છે.તેથી ઘર ઘર માં શૌચાલય હોવું જરુરી છે.આથી નાગરિકો જાગૃત બને તેમાટે વહિવટી પગલાં લેવા સાથે વૈધાનિક પગલાં લેવા આ સુધારો કરવામાં આવી રહ્યો છે.

વિધેયકમાં જણાવ્યા પ્રમાણે હાલમાં ચુંટાયેલ સભ્યોએ ૬ મહિનામાં તેમના ઘરે શૌચાલય છે કે કેમ તે અંગેનું પ્રમાણપત્ર આપવું પડશે.તેથી હવે આવનારી સ્થાનિક ચુંટણીઓમાં દરેક ઉમેદવાર માટે શૌચાલય હોવું જરુરી છે. નહિતર તેઓ ચુંટણી લડી શકશે નહી.

ડો.તેજશ્રી પટેલ,કોગ્રેસના ધારાસભ્યએ ભાજપા સરકારના વલણનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ૩૧.૩૧ લાખ પરિવારો પાસે શૌચાલય નથી.અમદાવાદમાં જ ૬૭,૫૪૯ ઘરમાં શૌચાલય નથી.તો તેથી આવા ઘરોમાં રહેતા, ચાલીઓમાં,જુના મહોલ્લામાં રહેનાર ભારતીય નાગરિકને તેના જ દેશમાં,રાજ્યમાં, કે વિસ્તારમાં ચુંટણી લડવાનો અધિકાર નથી ?ભાજપ સરકારના હસિન સપનાની વાસ્તવિકતા વિકરાળ છે.ખરેખર શહેરોમાં શૌચાલય બનાવવા જમીન અને આર્થિક સહાય આપવી જોઇએ.ત્યાર બાદ આવો નિર્ણય કરવો જોઇએ.મેગાસીટી અમદાવાદમાં એવા પરિવારો છે કે જેમને શૌચાલય જવા માટે અન્ય વિકલ્પો અપનાવવા પડે છે.જો કે સરકારે એવી ખાતરી આપી હતી કે આ તમામ પરિવારોને ૨૦૧૫ સુધીમાં ઘર શૌચાલય યોજના હેઠળ સમાવી લેવામાં આવશે.જો કે શૌચાલયોની સાથે સાથે પાણીની વ્યવસ્થાનું આયોજન કરવું પણ તેટલું જ અગત્યનું છે.સરકારે દરેક નાગરિકને પુરતુ પાણી મળે તેવી વ્યવસ્થા વિચારવી જોઇએ.

# જાહેરમાં ગંદકી કરનારને અયોધ્યામાં રુ ૫૦૦ નો દંડ ભરવો પડશે

તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરુ કરાયેલ સ્વચ્છતા અભિયાન હેઠળ અયોધ્યાની નગરપાલિકાએ રામનગરીને સ્વચ્છ બનાવવાના હેતુસર કડક પગલાં લેવાની હિમાયત પેટે જાહેરમાં ગંદકી કરનારને રુ ૫૦૦ નો દંડ ભરવો પડે તેવી વ્યવસ્થા શરુ કરી છે.હવે અયોધ્યામાં પાન ગુટકા ખાઇને ગમે ત્યાં થુંકનારા, કે પીચકારીઓ મારનારાઓને, તથા કચરાપેટીના સ્થાને ગમે ત્યાં કચરો ફેંકનારાને રુ ૫૦૦ નો દંડ ભરવાનો રહેશે.વડાપ્રધાનની સ્વચ્છતા ઝુંબેશને ટેકો કરતાં નગર પાલિકાએ આ પહેલ કરી હતી.નગરપાલિકાના અધ્યક્ષ રાધેશ્યામ ગુપ્તાએ જણાવ્યું હતું કે અયોધ્યાને સ્વચ્છ રાખવા હાલના કાયદાને વધુ આકરા બનાવવામાં આવી રહ્યા છે.પાલિકાની મળનારી બોર્ડ મીટીંગમાં નવા મુસદ્દાઓ રજુ કરાનાર છે.જેમાં જાહેર સ્થળો પર ગંદકી કરનારને રુ ૫૦૦ સુધીનો દંડ તો કરાશેજ, તે ઉપરાંત આકરી કાયદાકીય કાર્યવાહીની વિચારણા કરાશે.તેમણે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યુ હતું કે લોકો પાન-ગુટકા ખાઇને સડકો અને મંદિરોની દિવાલો પર થુંકી રહ્યા છે.બોર્ડની મીટીંગમાં મુસદો પસાર થઇ ગયા બાદ તરત તેની શહેરમાં જાહેરાત કરી દેવાશે.

ભારતના મોટાભાગના શહેરોમાં પાન-ગુટકા ખાઇને ગંદકી કરનારા લોકોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે.પાન ગુટકા ખાઇને રોડ ઉપર કે મકાનની દિવાલો પર થુંકનારા લોકો સ્વચ્છતા બાબતે જરા પણ વિચારતા નથી. તેમની સામે કડક કાયદાકીય કાર્યવાહી થાય તો તેમાં ફેરફારની શક્યતા છે. આ ઉપરાંત લોકો કચરો ગમે ત્યાં ઠાલવી જતા હોય છે.કચરા પેટીઓમાં કચરો નાંખવા માટે તેમને પ્રોત્સાહીત કરવા જરુરી છે.આ ઉપરાંત પાલિકાઓ તરફથી પણ કચરા પેટીઓની ઠેર ઠેર જગ્યાઓ ઉભી કરવી જરુરી છે. જેથી લોકો તેનો સદઉપયોગ કરી શકે.ત્યારબાદ જાહેરમાં કચરો નાંખનારાઓને દંડની જોગવાઇથી દંડિત કરવા જોઇએ.


## જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોન: ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઇ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
## કેર કોમ્પ્યુટર સેન્ટર
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.
## અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

## ગ્લોરી કેટરીંગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૧૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# હરિયાણાના હિસ્સારને ગોડમેન રામપાલે કુરુક્ષેત્રમાં ફેરવ્યું

હત્યાના આરોપી એવા હરિયાણાના બની બેઠેલા એક બાવાને પકડવા માટે હિંસક નાટકબાજી લોહિયાળ પુરવાર થઈ છે.સાધુના નામે દેશમાં શેતાનોના કેવા રાજ ચાલે છે તેનો આ જીવતો જાગતો પુરાવો છે.આ પહેલા આશારામ નામના એક બાવાની તેમજ તેમના પુત્રની ધરપકડ માટે પોલીસને બોચીએ આંખો આવી ગઈ હતી.પોલીસનું કામ ગુનેગારોને પકડવાનુ છે પરંતુ તેમનું નેટવર્ક બાવાઓની પહોચની બહાર છે.માની શકાય કે ગુંન્ડાઓ તેમને હાથતાળી આપી જાય પરંતુ કહેવાતા સાધુઓ જે શેતાન બનીને પાપલીલાઓ આચરતા હોય અને પોતાનું લશ્કર ઉભુ કરીને રાજ્ય સરકારને અને ન્યાયતત્રને પડકારો આપી જાય તો તેમને માટે નહી દેશના રક્ષકો અને રાજકારણીઓ માટે શરમજનક બાબત છે.

સત્તા સ્થાને બેઠેલા રાજકારણીઓની હુંફને કારણે બાવાઓ તેમની મનમાની કરે છે. અને તેઓ આ દેશના આપખુદ છે અને તેમની સત્તાને કોઈ રોકી શકે તેમ નથી એવી તેમની માન્યતા છે.ધર્મમાં અંધશ્રધ્ધા ધરાવતી આ દેશની બહુમુખી પ્રજાનો પણ ઓછો દોષ નથી તેઓને સાધુ અને શેતાનમાં કોઈ ફર્ક દેખાતો નથી.એક જેલમાં રહેલ બાવાના પાપાચારનો પર્દાફાશ થયા બાદ પણ આજે તેમની આરતી ઉતારનારી મહિલાઓ અને તેમના કુટુંબીજનોનો તોટો નથી.

હરિયાણામાં સોનિપત ખાતે ખેડુત પરિવારમાં જન્મેલા આ મહારાજજી તરીકે ઓળખાતા રામપાલે એન્જી.ડીપ્લોમાં હાંસલ કર્યા હતો.તેમજ હરિયાણા સરકારના સિંચાઈ વિભાગમાં જુની.એન્જી. તરીકે નોકરી પણ કરી હતી.ફરજમાં બેદરકારી બદલ નોકરીમાંથી તેને હાંકી કાઢવામાં આવ્યો હતો.તેઓ પોતાને મહાન કબીરપંથી સંત સ્વામી રામદેવાનંદજી મહારાજના અનુયાયી ગણાવે છે.તેણે ૧૯૯માં કરોથા ગામમાં સતલોક નામનો આશ્રમ સ્થાપ્યો હતો.અને ત્યારબાદ પોતાને કબીરના અવતાર તરીકે જાહેર કર્યા હતા.

આ સાધુ સામે પંજાબ અને હરિયાણા કોર્ટમાં હત્યા કેસ ચાલી રહ્યો છે. વારંવાર કોર્ટના આદેશ છતાં હાજર નહી રહેતા તેમની સામે ધરપકડનું વોરંટ જારી કરવામાં આવ્યું હતુ.પરિણામે પોલીસને હરકતમાં આવવું પડ્યું. અને આ સાધુની ધરપકડ કરવા માટે પોલીસને પુરા પચાસ કરોડ રુપીયાનું આંધણ કરવું પડ્યું ત્યારે આ બાવો હાથ લાગ્યો હતો.આ બાવાની ધરપકડ કરતાં પહેલા પોલીસ સાથે થયેલ ઝપાઝપીમાં ૨૦૦ થી વધુ લોકો ઘવાયા હતા અને આઠ જેટલા લોકોના મોત નિપજ્યા હતા.ધરપકડ ટાળવા માટે તેમના અનુયાયીઓ દ્વારા પોલીસ ઉપર પેટ્રોલ બોંબ, પથ્થરમારો, ૯૦ જેટલા ખાનગી ગોળીબાર વિગેરેનો આશરો લેવો પડ્યો હતો. આશ્રમનુ સ્થાન એક કુરુક્ષેત્ર જેવું બની ગયું હતુ. આખરે ૧૦ દિવસની આકરી મહેનત બાદ જ્યારે પોલીસની આબરુ ધુળધાણી થઈ જવા આવી હતી ત્યારે આખરે રામપાલની ધરપકડ કરાઈ હતી.

રામપાલનું દરેક વર્તન એવું સાબિત કરે છે કે તેનામાં સંત જેવું કોઈ લક્ષણ નથી.એ પણ દિલ્હીમાં સરકાર સામે આંદોલન કરી રહેલા એક કહેવાતા સાધુએ ધરપકડથી બચવા માટે સ્ત્રી વેશ ધારણ કરી નાસી છુટ્યા હતા તેના જેવો જ આ સાધુ છે.તેણે પણ નિર્દોષ લોકો,લાચાર મહિલાઓ અને બાળકોને પોતાની આગળ ધરી રાખ્યા હતા.અને તેમની આડમાં છુપાયો હતો.અત્યાર સુધીમાં તેની સામે માત્ર હત્યાનો કેસ હતો પરંતુ આ સમગ્ર કથા બાદ તેના ઉપરા રાજદ્રોહનો ગુનો પણ લાગુ કરીદેવાયો છે.હવે પોલીસે તેને એવા સંકજામાં લેશે કે તેને જીંદગી ભર છુટવું ભારે પડી જશે.હા એવું બની શકે કે તેના રાજકીય આકાઓ તેમની મદદે ઉતરી આવે અને તેમને છોડાવી દે.

આશ્રમમાં જે મહિલાઓના મોત નિપજ્યા છે તેમને ત્યાં ગોંધી રાખવામાં આવ્યા હતા.પોલીસ ધર્ષણના કારણે તેમના મોત નિપજ્યા નથી.પોલીસે રામપાલની ઉપર રાષ્ટ્રદોહની કલમ ૧૨૧ લગાડી છે.તેનો અર્થ એ થાય છે કે ભારત સામે યુધ્ધ છેડવાનું કૃત્ય.અથવા દેશ સામે લોકોને ઉશ્કેરવાનો પ્રયાસ.આ ઉપરાંત ૧૨૧-એ અને ૧૨૩ કલમ પણ દાખલ કરવામાં આવી છે.રાજ્ય વિરુધ્ધ કોઈ અપરાધને અંજામ આપવા માટે રચાતા કાવતરાનો આ કલમમાં સમાવેશ થાય છે આ બધી કલમો અત્યંત ગંભીર છે. જેની સજા મોત છે.તેથી હવે આવા કેસોમાં જામીન મળવાનો સંભવ પણ ઓછો થઈ ગયો છે.તેથી કેસ ચાલે ત્યાં સુધી આ બાવાને જેલવાસ ભોગવવો પડશે.

આ દેશમાં ચારે બાજુ ઘણા બાવા-સાધુઓ સામ્રાજ્ય ફેલાવી રહ્યા છે.આવા આશ્રમો પર અત્યંત ચુસ્ત નજર સરકારની હોવી જરુરી છે.આશ્રમો માં પડદા પાછળ ચાલતા અનૈતિક ધંધાઓ પર નજર તો રાખી શકાયને તેમ કરતાં સરકારને કોણ રોકે છે.ચંદ મત માટે આવા બાવાઓના શરણે જનારા રાજકારણીઓએ હવે ચેતવાની જરુર છે.બધા સંત ખોટા હોતા નથી.પરંતુ સાચા કોણ અને ખોટા કોણ તે નક્કી કરવું અઘરુ તો છે જ. પરંતુ ખોટાને બહાર તો લાવવા પડશેને.એ કામ કોણ કરશે. સરકારને જ કરવાનું છે.નહિતર લોકો અંધશ્રધ્ધામાં આવા બદમાશોને તાબે થઈ જશે.

ભુતકાળમાં એક આવા સાધુને કરેલ ટેકાને કારણે સુર્વણમંદિર ખાતે જે બન્યું તે સહુ કોઈ જાણેછે. પરિણામે દેશની મહાન હસ્તિ ઈન્દીરા ગાંધીએ તેમનુ મહામુલા જીવની શહાદત આપવી પડી.આશ્રમમાં હથિયારો આવે ત્યાં સુધી પોલીસને કોઈ ગંધ ના આવે,બોંબ બનાવવાની ફેકટરી ઉભી થાય, ટ્રેનો ઉથલાવી દેવાના ષડયંત્રો ઘડાય આ બધી પ્રવૃત્તિઓમાં બાવાઓ અને તેમના સ્થાનોજ સંકળાયેલા જોવા મળ્યા છે. જાગવાની જરુર છે લોકોએ અને સરકારોએ આવી દુષ્કર ઘટનાઓને બનતી રોકી શકાય.

# આતંકવાદથી વધુ અસરગ્રસ્ત દેશોમાં ભારતનો છઠ્ઠો નંબર

ભારત દેશનો આતંકવાદની વધુ અસરગ્રસ્ત દેશ તરીકે ૨૦૧૩માં છઠ્ઠો નંબર હતો.ભારતથી વધુ અસરગ્રસ્ત જે પાંચ દેશો છે તેઓ આતંકવાદને કારણે યુધ્ધના મેદાનમાં ફેરવાઈ ગયા છે.ગ્લોબલ ટેરરીઝમ ઈન્ડેક્સ ૨૦૧૪ મુજબ ૨૦૧૨ની તુલનાએ ૨૦૧૩માં આતંકવાદથી થતા મૃત્યુમાં ૬૧ ટકાનો વધારો થયો છે.વર્ષ ૨૦૧૩માં આખા વિશ્વમાં ૧૦ હજાર આતંકી હુમલા થયા હતા.જે ૨૦૧૨ કરતાં ૪૪ ટકા વધુ હતા.પણ ભારતમાં ૭૦ ટકા વધ્યા હતા.૨૦૧૨ માં ૨૩૮ હુમલા થયા પણ ૨૦૧૩માં તેની સંખ્યા ૪૦૪ની થઈ ગઈ હતી.એક અહેવાલ મુજબ પાકિસ્તાનની સરહદે આવી ઘટનાઓમાં વધારો નોધાયો હતો.ભારતમાં ત્રાસવાદી સંગઠનો ૪૩ છે.જે ત્રણ પ્રકારના છે. ઈસ્લામિસ્ટ,અલગતાવાદી, અને સામ્યવાદી.૨૦૧૩માં આતંકવાદના ૮૦ ટકા કિસ્સા પાંચ દેશોમાં થયા તેમાં ઈરાક,અફઘાનિસ્તાન,પાકિસ્તાન,નાઈજીરીયા અને સીરીયા આવે છે.ભારતમાં હુમલા વધ્યા પણ નુકશાન ઓછુ થયું છે.૭૦ ટકા હુમલાઓમાં નુકશાન થયું નથી.સામ્યવાદી સંગઠનોએ સૌથી વધુ ૧૯૩ લોકોનો ભોગ લીધો છે.સમગ્ર દુનિયામાં અલ-કાયદા,બોકોહરમ,આઈએસઆઈએસ અને તાલિબાન જેવા સંગઠનો ૬૬ ટકા મૃત્યુ માટે જવાબદાર છે.

# કાશ્મીર ચુંટણી ઢંઢેરામાં ભાજપ ૩૭૦ કલમનો સમાવેશ કરશે નહી

કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી બંધારણી કલમ ૩૭૦ને નાબુદ કરવાની માંગ તો ભાજપનો મહત્વનો એક મુદ્દો દેશની ચુંટણીઓમાં રહ્યો છે.પરતું કાશ્મીરમાં આવી રહેલ વિધાનસભાની ચુંટણીઓમાં સત્તાપ્રાપ્તિ માટે અવરોધરુપ સાબિત થાય તેમ આ મુદ્દો લાગતાં ભાજપે ચુંટણી ઢંઢેરામાંથી આ કલમનો સમાવેશ નહીં કરવાનો નિર્ણય કર્યો છે.રાજ્યના ભાજપના એકમે આ બાબતે દબાણ કરતાં પાર્ટીએ ચુંટણી ઢંઢેરામાંથી વિવાદાસ્પદ કલમ રદ કરવાની માંગ સામેલ નહી કરવાનો નિર્ણય કર્યો છે.પરંતુ આ મામલે તેઓ અલગ વલણ અપનાવ્યું છે અને આ બાબતે વ્યાપક ચર્ચા કરવાની માંગનો નિર્ણય લીધો છે.જો કે ભાજપની નીતિ હંમેશા તકને ઝડપવાની હોય છે અને તે તેનો ઉપયોગ કરે છે. હવે તેને લાગી રહ્યું છે કે હિદુત્વનું કાર્ડ ચાલ્યું છે અને હવે તેના અનુસંધાનમાં જે જે કાર્ડ ચાલી શકાય તે ચલાવીને સત્તા હાંસલ કરી દેવી ત્યારબાદ ફરીથી એ મુદ્દાને લાઈટમાં લાવી દેવો.

# અમેરિકામાં આવેલ સૌથી ભયાનક હિમ તોફાન

અમેરિકામાં ૩૮ વર્ષ બાદ સૌથી વધુ ભયાનક હિમતોફાન આવ્યું છે. ૧૩૨ માઈલની ઝડપે ખુલ્લા વિસ્તારોમાં પવન ફુંકાઈ રહ્યો છે.૫૦થી વધુ અમેરિકાના રાજ્યોમાં તાપમાન ગગડીને ફ્રીજીંગ પોઈન્ટથી નીચી જતું રહ્યું છે.તમામ સરકારી કચેરીઓને બંધ કરી દેવાઈ છે.હિમ તોફાનને કારણે છ ફુટ બરફ છવાઈ ગયો છે.અનેક લોકો હાઈવે તેમજ અન્ય સ્થળો પર ફસાઈ ગયા છે.છેલ્લા ૨૪ કલાકમાં ૭૬ ઈંચ બરફ વરસ્યો છે.પરિણામે અમેરીકા થીજી ગયું છે.આ તમામ વાતાવરણના પલટાઓ ગ્લોબીંગ વોર્મીંગને કારણે છે.પર્યાવરણને આપણે કરેલ નુકશાનને કારણે આજે જે કંઈ કુદરતી આફતો ઉભી થઈ રહી છે તેના જવાબદારો આપણે જ છીએ. હજુ પણ જાગવાની જરુરીયાત છે. જો સમયસર નહી જાગીએ અને કુદરતી સંપત્તિનું જતન નહી કરીએ તો તમામ આફતોનો સામનો કરવો પડશે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.